ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી
ગુજરાત, ગાંધીનગર
આવક નંબર ૩૯૫૬
06 NOV 2011
શાખા ૩૫૨
ક્લાર્કની ર. ૬

બિન સરકારી કોલેજોમાં
આચાર્યની ભરતી પ્રક્રિયા અંગે.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃએનજીસી/૧૧૨૦૧૧/૨૩૭૦/ખ,
સચિવાલય, ગાંધીનગર
તારીખઃ 29 SEP 2011

વંચાણે લીધા-

(૧) યુ.જી.સી. રેગ્યુલેશન ઓન. મીનીમમ કવોલીફીકેશન્સ ઓફ ટીચર્સ એન્ડ અધર એકેડેમિકસ સ્ટાફ ઇન યુનિવર્સિટી એન્ડ કોલેજીસ એન્ડ એન્ડ મેઝર્સ ફોર ધ મેન્ટેન્સ ઓફ સ્ટાન્ડર્ડ ઇન હાયર એજયુકેશનં, ૨૦૧૦- તા.૩૦-૬-૨૦૧૦

(૨) ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી મારફત રજુ થયેલ સીંગલ ફાઇલ ક્રમાંકઃ૧૪૭- તા.૫/૭/૨૦૧૧

આ મુ ખ -

રાજયની બિન સરકારી અનુદાનિત કોલેજોમાં લાબા સમયથી ખાલી રહેલ આચાર્યની જગ્યાઓ ભરવા માટે તથા ઉપર વંચાણે લીધેલ ક્રમાંક(૧) ની યુ.જી.સી.ની માર્ગદર્શક સુચનાઓને ધ્યાને લેતાં આચાર્યની ભરતી માટે શૈક્ષણિક લાયકાતના ધોરણો નક્કી કરવા તથા ભરતી પસંદગી પ્રક્રિયા નકકી કરવા માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ધ્વારા ઉપર વંચાણે લીધેલ ક્રમાંક(૨) થી સીંગલ ફાઇલ ઉપર દરખાસ્ત રજુ થયેલ જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠ રા વ -

બિન સરકારી અનુદાનિત વિનયન, વાણિજય, વિજ્ઞાન, કાયદો તથા શિક્ષણ(બી.એડ) વિધાશાખાની કોલેજો માટે આચાર્યની લાયકાત, પસંદગી પ્રક્રિયા તથા નિમણુંક અંગે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ આથી માર્ગદર્શક સુચનાઓ અનુસારનું ઠરાવવામાં આવે છે.

(૧) શૈક્ષણિક લાયકાત- યુ.જી.સી. રેગ્યુલેશન્સ-૨૦૧૦ ની જોગવાઇ પારા નં. ૪.૨.૦ પ્રમાણે નીચે મુજબ રાખવાની રહેશે.

માન્ય યુનિવર્સિટીની અનુસ્નાતક પદવી ઓછામાં ઓછા ૫૫ ટકા ગુણ અથવા .નો સમાન ગ્રેડ જ્યાં ગ્રેડેશન પધ્ધતિ અમલમાં છે એવી યુનિવર્સિટીઓમાં-

બ) સંલગ્ન વિદ્યાશાખામાં પી.એચ.ડી.ની પદવી પ્રકાશિત સંશોધન લેખો યા સંશોધન માર્ગદર્શન

ક) શૈક્ષણિક સંસ્થાઓ તેમજ અન્ય ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓમાં ૧૫ વર્ષનો શૈક્ષણિક અનુભવ અથવા સંશોધન અનુભવ અથવા વહીવટી અનુભવ.

(૨) ભરતી અને ગુણાંકન-રાજયની અનુદાનિત કોલેજોમાં અનુભવે જણાયેલ છે કે ધણા લાબા સમયથી આચાર્યની જગ્યા ખાલી રહેવા પામેલ છે. જને કારણે કોલેજના વહીવટ તથા રોજબરોજની કામગીરીમાં મુશ્કેલી અનુભવાતી હોવાથી તે કોલેજોમાં નોર્મ્સ પ્રમાણે આચાર્યની જગ્યા મળવાપાત્ર છે અને કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણની કચેરી ધ્વારા આચાર્યની ભરતી માટે N.O.C. આપવામાં આવેલ છે તેવી કોલેજોમાં ભરતીની પ્રક્રિયા ગુણવતા આધારીત, વિશ્વાસનીય અને પારદર્શક, કરકસર યુકત અને ઝડપી બની શકે તે માટે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ધ્વારા કેન્દ્રિય ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે. જે કોલેજો આ ભરતી પ્રક્રિયા માટે લેખીતમાં સંમતિ આપશે તેઓએ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ધ્વારા નકકી કરવામાં આવે તે સ્થળે કેમ્પમાં તેઓના પ્રતિનિધિ સાથે હાજર રહેવાનું રહેશે.

(૩) પસંદગી સમિતિ- આ હેતુ માટે પસંદગી સમિતિ નીચે મુજબની રહેશે.

૧ કોલેજ ગવર્નીંગ બોડી /મેનેજમેન્ટના પ્રમુખ/ચેરમેન તરીકે.

૨. કોલેજ મેનેજમેન્ટના બે સભ્ય

૩. સબંધિત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ધ્વારા નિયુકત થયેલ એક પ્રતિનિધિ.

૪. સબંધિત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ધ્વારા નિયુકત થયેલ વ્યકિતઓ જેમાના એક સબંધિત વિષયના નિષ્ણાંત હોવા જરુરી છે. જે શૈક્ષણિક સંસ્થાઓને લધુમતી સંસ્થાઓનો દરજ્જો પ્રાપ્ત થયેલ છે. તેવા કિસ્સામાં જે તે સંસ્થાના પ્રમુખ વાઇસ ચાન્સેલર ધ્વારા નિયુકત પાંચ વ્યકિતઓની પેનલમાંથી કોઇ પણ બે વ્યકિતઓની નિયુકિત કરશે, આ વ્યકિતઓ લધુમતી કોમની હોય તે ઇચ્છનીય છે, જેમાના એક વિષય નિષ્ણાંત હોવા જરુરી છે.

૫. કોલેજ સાથે સંકળાયેલ ન હોય તેવા બે વિષય નિષ્ણાંતો જે સબંધિત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર દસ વિષય નિષ્ણાંતોની પેનલમાંથી ગવર્નીંગ બોડીના પ્રમુખ ધ્વારા નિયુકત કરવામાં આવશે. જે શૈક્ષણિક સંસ્થાઓને લધુમતી શૈક્ષણિક સંસ્થાઓનો દરજ્જો પ્રાપ્ત થયો છે તેવી સંસ્થાઓમાં આવી વ્યકિતઓ લધુમતિ કોમની હોય તે ઇચ્છનીય છે.

૬. એક શિક્ષણવિદ જે SC/ST/OBC/minority/Women/differentially abled કેટેગરીના હોવા જરૂરી બનશે જયારે ઉપર દર્શાવેલ સભ્યોમાંથી કોઇ એક આ કેટેગરીના ના હોય તેમની નિયુકિત સબંધિત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલરે કરવાની રહેશે.

૭. કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજય અથવા સંયુકત શિક્ષણ નિયામક.

૮. પસંદગી સમિતિમાં ઉપર જણાવેલ કમિટી પૈકી ઓછામાં ઓછા ૬ સભ્યો એટલે કે ત્રણમાંથી બે વિષય નિષ્ણાંત તથા અન્ય સભ્યો પૈકી કોઇ પણ ચાર સભ્યો હાજર હશે તો જ સમાલાપ કાર્યવાહીનું કોરમ થયાનું ગણવામાં આવશે.

(૪) પસંદગી પામેલ ઉમેદવાર ૧૫ દિવસમાં જે તે કોલેજમાં હાજર થાય તે જોવાની જવાબદારી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી તથા જે તે સબંધિત કોલેજની રહેશે. જે કોલેજોએ આ કાર્યવાહી કરવામાં નિષ્ફળ જશે તો તે કોલેજો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

૫. જે કોલેજો ઉપર મુજબની પ્રક્રિયામાં જોડાવા ન માંગતી હોય તેવી કોલેજોએ ભરતીની પ્રક્રિયા સબંધિત યુનિવર્સિટીના મુખ્ય મથકે કરવાની રહેશે. અને બાકીની તમામ પ્રક્રિયા આ ઠરાવની જોગવાઇ મુજબ કરવાની રહેશે. આ પ્રક્રિયાના પરિણામો કાર્યવાહી પુરી થયાના એક સપ્તાહમાં ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીને મોકલી આપી તેની પૂર્વ મંજુરી મેળવી લેવાની રહેશે.

૬. એન.ઓ.સી. અંગેના કોઇ પણ વિવાદ અંગે અંતિમ નિર્ણય ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીનો રહેશે.

૭. સબંધિત યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલરે યુજીસીની માર્ગદર્શિકા અનુસાર નિષ્ણાંત/પ્રતિનિધિની નિયુકિત કરવાની રહેશે. જેમણે પસંદગી પામેલ ઉમેદવારને સ્થળ ઉપર જ યુનિવર્સિટી ધ્વારા "માન્ય શિક્ષક" (recognized teacher) તરીકે માન્યતા આપવાની રહેશે.

૮. પસંદગી પ્રક્રિયા માટે પસંદગી સમિતિએ આ સાથે સામેલ ગુણાંકન પધ્ધતિ (માર્કીંગ સ્કીમ)નો અમલ કરવાનો રહેશે. એનેક્ષ્ચર-"અ"

૯. પસંદગી પામેલ ઉમેદવારે તેઓની શ્રેયાનતાના આધારે તેમને મળવાપાત્ર વિકલ્પ અન્વયે આપેલ સંમતિના આધારે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની પૂર્વ મંજુરી મળ્યા બાદ સબંધિત કોલેજે ઉમેદવારને નિમણૂંક પત્ર આપવાનો રહેશે.

૧૦. સબંધિત તમામ યુનિવર્સિટીઓએ તેઓના ઓર્ડિનન્સ અને સ્ટેચ્યુટમાં "આચાર્ય" ની ભરતી પ્રક્રિયા અંગે ઠરાવને સુસંગત રહે તે મુજબ સુધારો કરવાનો રહેશે.

૧૨. વિભાગના તા.૧૮/૫/૨૦૧૧ના ઠરાવમાં સુચવાયેલ અનુદાનિત કોલેજો સિવાય યુનિવર્સિટીઓ માટેની શૈક્ષણિક જગ્યાઓ માટે લાયકાત અને ભરતી અન્વયેની જોગવાઇઓ યથાવત રહેશે પરંતુ દરેક યુનિવર્સિટીએ ખાલી જગ્યાઓ ભરવા પ્રથમ

યુનિવર્સિટીના સ્ટેચ્યુટ/ઓર્ડિનન્સ માં સુધારો કર્યા બાદ જગ્યાઓની મંજુરી સરકારશ્રી પાસેથી મેળવી ભરતી કરવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( બી.જે. બ્રહ્મભટ્ટ )
નાયબ સચિવ,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક.મંત્રીશ્રી(ઉચ્ચ શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી,ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ-૧(ઓડીટ), ગુજરાત રાજય, અમદાવાદ-રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલ-૨(પે એન્ડ ઇ), ગુજરાત રાજય, અમદાવાદ-રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગાંધીનગર
- નાણાં વિભાગ, સચિવાલય.
- નાણાં સલાહકારશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
- રજીસ્ટ્રારશ્રી, મહારાજા સયાજીરાવ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, વડોદરા
- રજીસ્ટ્રારશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર.
- રજીસ્ટ્રારશ્રી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
- રજીસ્ટ્રારશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
- રજીસ્ટ્રારશ્રી, હેમચંદ્રાચાર્ય, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ
- રજીસ્ટ્રારશ્રી, ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર-૩૬૪૦૦૨
- રજીસ્ટ્રારશ્રી, ડૉ. બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ
- રજીસ્ટ્રારશ્રી, કાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા, કચ્છ, યુનિવર્સિટી, ભૂજ
- રજીસ્ટ્રારશ્રી, શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી, વેરાવળ, જી. જુનાગઢ
- આચાર્યશ્રી, બિન સરકારી અનુદાનિત આર્ટસ, સાયન્સ, કોમર્સ, કાયદા અને બી.એડ. કોલેજ, ગુજરાત રાજય, ગાંધીનગર( ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી મારફત)
- સેકશન અધિકારીશ્રી, ખ.૧, શાખા, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેકટ ફાઇલ-ખ-શાખા.

T/ઠરાવ-૨ / 22

## એનેક્ષર-અ

## આચાર્યશ્રીની પસંદગીની પ્રક્રિયા માટેની ગુણાંકન પધ્ધતિ (Marking Scheme)

| ક્રમ | ગુણની માહિતી | મહત્તમ ગુણ |
|---|---|---|
| ૧ | સ્નાતક પદવી ૫૫ થી ૭૦ ટકા દરેક ટકા માટે ૦.૫ ગુણ<br>૭૧ ટકા અથવા વધારે ગુણ દરેક ટકા માટે ૦.૫ ગુણ<br>મહત્તમ ૦૫.૦૦ | ૦૭.૫૦<br>૦૫.૦૦ |
| ૨ | સ્નાતક કક્ષાએ યુનિવર્સિટીમાં પ્રથમ રેન્ક | ૦૬.૦૦ |
| ૩ | અનુસ્નાતક પદવી ૫૫ થી ૭૦ ટકા દરેક ટકા માટે ૦.૫ ગુણ<br>૭૧ ટકા અથવા વધારે ગુણ દરેક ટકા માટે ૦.૫ ગુણ<br>મહત્તમ ૦૫.૦૦ ગુણ | ૦૭.૫૦<br>૦૫.૦૦ |
| ૪ | અનુસ્નાતક કક્ષાએ યુનિવર્સિટીમાં પ્રથમ રેન્ક ૬ (છ)ગુણ | ૦૬.૦૦ |
| ૫ | એમ.ફીલની પદવી પાંચ(૫) ગુણ | ૦૫.૦૦ |
| ૬ | પી.એચ.ડી.ની પદવી દશ (૧૦) ગુણ | ૧૦.૦૦ |
| ૭ | NET/GSET/UGCCSIR પરીક્ષા પાસ કરેલ હોય તો | ૦૫.૦૦ |
| ૮ | પ્રકાશિત થયેલ પુસ્તકો (ISBN) પુસ્તક દીઠ એક ગુણ, મહત્તમ ~~૦૫ ગુણ~~ | ૦૫.૦૦ |
| ૯ | પીયર રીવ્યુડ જર્નલ (ISSN) નંબર ધરાવતી) પ્રકાશિત થયેલ સંશોધન લેખ છ (૬) ગુણ દરેક લેખ માટે ૩ | ૦૬.૦૦ |
| ૧૦ | NCC ઓફીસર તરીકે (સી સર્ટીફીકેટ ) /NSS કોઓર્ડિનેટર તથા અન્ય વિસ્તરણ પ્રવૃતિઓ ઓછામાં ઓછા પાંચ વર્ષ માટે | ૦૩.૦૦ |
| ૧૧ | શૈક્ષણિક/ વહીવટી /સંશોધન અનુભવ ૧૫ વર્ષ કરતા વધારે માટે. દરેક વર્ષ માટે ૦૫. ગુણ મહત્તમ ગુણ ૫.૦૦ ગુણ | ૦૭.૦૦ |
| ૧૨ | ઇન્ચાર્જ આચાર્યશ્રી તરીકેનો અનુભવ, દરેક વર્ષ માટે ૧.૦૦ ગુણ મહત્તમ ૫.૦૦ ગુણ | ૦૫.૦૦ |
| ૧૩ | અનુસ્નાતક અધ્યાપક તરીકે માન્યતા મેળવ્યા બાદ અનુસ્નાતક કક્ષાએ શૈક્ષણિક અનુભવ ( P.G. Teaxhing) દરેક વર્ષ માટે ૦.૫ ગુણ મહત્તમ ૫.૦૦ ગુણ | ૦૭.૦૦ |
| ૧૪ | GUJCOST/ UGC/DST તથા અન્ય સંબંધિત સંશોધન સંસ્થાઓનો સંશોધન પ્રોજેકટ (ઓછામાં ઓછો એક પ્રોજેકટ) | ૦૫.૦૦ |
| ૧૫ | અંગત મુલાકાત | ૦૫.૦૦ |
| | કુલ ગુણ | ૧૦૦.૦૦ |